Samvid Multidisciplinary Research Journ
Where researchers meet their destiny...
ISSN 2582-015X

# વૈશ્વિક મહામારી આલેખતી સ્વાર્થ-પરમાર્થની સંઘર્ષકથા : “અભિતપ્ત”

**સામાભાઈ ગણેશભાઈ સેંગલ**
**પીએચ.ડી. સ્કોલર,**
**(એસ.આર.એફ.-ગુજરાતી ભાષા અને સાહિત્ય.)**
**હેમચંદ્રાચાર્ય ઉ.ગુ.યુનિ.,પાટણ.**
**માર્ગદર્શક :- ડૉ. આરતીબેન જી. પટેલ**
**Email :- samasengal78@gmail.com**
**Mo. +91 9054070939**

---

લેખિકા પ્રજ્ઞા વશી પ્રસિદ્ધ હાઈસ્કૂલમાંથી આચાર્યા પદેથી નિવૃત્ત થઈ સાહિત્યક્ષેત્રે સતત પ્રવૃત્ત રહ્યાં છે. સાહિત્યકાર, કવયિત્રી, શિક્ષણવિદ્, સમાજસેવિકા અને દેશ-પરદેશમાં પાંચસોથી વધુ વક્તવ્યો આપનાર પ્રખર વક્તા તરીકે તેમણે આગવી ઓળખ ઉભી કરી છે. હાલમાં ‘સંદેશ દૈનિક’માં ‘કલા સંસ્કૃતિ’ નામની કૉલમ લખી રહ્યાં છે. તેમણે કાવ્ય, ગઝલ-હઝલ, નવલકથા, બાળગીત, નિબંધલેખન, હાસ્યનિબંધ તેમજ નાટ્યલેખનક્ષેત્રે કલમ ચલાવી અનેકવિધ સાહિત્યિક પુરસ્કારો પ્રાપ્ત કર્યા છે. તેમની પ્રથમ શિક્ષણલક્ષી નવલકથા ‘સત અસતને પેલે પાર’ તો ‘તમાચો’ એમની બીજી સંયુક્ત નવલકથા છે જ્યારે ‘અભિતપ્ત’ તેમની છત્રીસ લઘુનવલોમાંથી પ્રથમ આશ્વાસન ઈનામ પ્રાપ્ત કરેલ લઘુનવલ છે. આજ નવલકથાના ઉત્તરાર્ધરૂપે એક બીજી સ્વતંત્ર ફુલ લેન્થ નવલકથા 'એક યાત્રા આવી પણ...' તેમની પાસેથી મળે છે.

‘અભિતપ્ત’ ભારતીય-વિદેશી પરિવેશને આલેખતી વૈશ્વિક મહામારીની સંઘર્ષકથા છે. આપણે સૌ કોરોના જેવી ભયંકર વૈશ્વિક મહામારીમાંથી પસાર થયાં. આ કપરાકાળમાં વિશ્વના અનેક દેશનાં લોકોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. સમગ્ર જગત ભયના ઓથર તળે જીવી રહ્યું હતું તેવા સમયે વધતી જતી બીમારીને કારણે સમગ્ર ભારતમાં લોકડાઉન કરવામાં આવ્યું. આવા કપરા સમયે ઘણાં લોકો સંઘર્ષ-મુશ્કેલીમાં મુકાયાં હતાં. વી.આર.ટી.આઇ. રિસર્ચ કૉલેજ, કચ્છ માંડવી દ્વારા 'કોરોના મહામારી' વિષય ઉપર લઘુનવલ સ્પર્ધા યોજાયેલી જે તક ઝડપી લેખિકાએ વૈશ્વિક

મહામારીમાં ભારતીય નર્સની સંઘર્ષગાથા રજૂ કરી છે. કરુણરસભર આ કૃતિમાં સ્વાર્થ-પરમાર્થની વૃત્તિનું વિશેષ આલેખન જોવા મળે છે.

એક દૃષ્ટિએ જોતાં 'અભિતપ્ત' લઘુનવલનું સર્જન થયું તે કોરોનાકાળના સાંપ્રત સમયનું દસ્તાવેજીકરણ કરવા બરાબર છે. આ લઘુનવલના આરંભે લેખિકાએ નોંધ્યું છે તેમ; "દરિયો અભિતપ્ત થાય તો વાદળ બંધાય, તો વરસાદ પડે અને ધરતી લીલીછમ થાય. એક શેકાય કે તાપમાં બળે તો જ બીજાને સુખ મળે. આ લઘુનવલ 'અભિતપ્ત'માં વીસ વર્ષની નાયિકા અનન્યા કઈ રીતે અભિતપ્ત થઈ? જીવનની એરણે એ કઈ રીતે ટિપાતી રહી? એ કઈ રીતે ભારતથી અમેરિકા ગઈ અને અમેરિકાથી કોરોના સંક્રમિત થઈ પાછી ફરી? કપરા સંજોગો, જીવનભરનો સંઘર્ષ, પ્રિય વ્યક્તિ સાથેનો વિરહ અને કોરોનાનો ભોગ બનવું એ એની નિયતિ હતી? મુખ્ય નાયિકા અનન્યાની આસપાસ કથા વિસ્તરતી રહી. એની જીવનસફરમાં એને બે પ્રકારના માણસો મળ્યા; કેટલાંક કે જેની સાથે અનન્યાને ખાસ સંબંધ નથી છતાં એમણે ટેકો કર્યો, જીવનમાં આગળ વધવાની પ્રેરણા આપી અને કેટલાક પોતીકા કહી શકાય તેવા સગપણો સાવ પોકળ નીકળ્યાં. આપણને પણ જીવનમાં આવા અનુભવો ક્યાં નથી થતા? જેની પાસે મદદની કોઈ આશા ન હોય એવી વ્યક્તિઓ આપણું જીવન ટકાવી રાખવા મદદે આવી ચડે છે અને એ સહજ છે."(પૃષ્ઠ.૧-૨) આમ, અભિતપ્ત એટલે દુઃખથી ખૂબ તપેલું.

નવલકથાના આરંભે ન્યૂયોર્ક શહેરનું આલેખન છે. રાત્રિના નવ વાગ્યા હોવા છતાંય નાયિકા અનન્યા ઘરે ન પહોંચી હોવાથી તેણીની બહેનપણઓ ઝરીના અને રૂપા તેની રાહ જોવે છે. અનન્યા આવે પછી જ ડિનર લઈશું એમ વિચારી બન્ને થાક ઉતારવા નીચે બેસે છે. રૂપા મોટેથી ગુજરાતી છાપુ વાંચતાં; "ચીનની લૅબોરેટરીમાં તૈયાર થયો છે કોરોનાનો વાયરસ. વુહાનની લેબમાં તૈયાર થયો હતોઃ એક વૈજ્ઞાનિકનો દાવો."(પૃ.૧૩) એ આગળ વાંચે ત્યાં તો મોઢાં પર માસ્ક પહેરી અનન્યા પ્રવેશે છે. એ ઝડપથી સીધી બાથરૂમમાં ચાલી જઈ છીંકાછીંક કરવા લાગે છે. ગરમ પાણી અને શૉવર જેલથી સ્નાન કરી બહાર આવે છે. જાણે વર્ષોનો થાક હોય તેમ સોફા પર ઢળી પડે છે. ન્યૂયોર્કની ધરતી પર ગયા પછી અનન્યાને ભારતની યાદ આવે છે. નિસાસો નાખતી કહે છે, "સંજોગો અને પાપી પેટ, નહીંતર આપણે આમ... હાથમાં મહેંદી મૂકવાની ઉંમરે... પારકો દેશ, પારકા લોકો અને આ દિવસ-રાતની દોડધામ!"(પૃ.૧૪) કહેતાં અનન્યા ફરી ખાંસી ખાવા લાગે છે. રૂપા તેને પાણીની બૉટલ આપી પીઠ પર હળવે હળવે હાથ ફેરવવા માંડે છે. ઝરીનાએ અનન્યાનો હાથ પોતાના હાથમાં લઈને, જાણે

મહેંદી પસવારતી હોય એમ ઠંડક પ્રસરાવતી રહે છે. ત્રણેય બહેનપણીઓ ક્યાંય સુધી એકબીજાના હાથમાં હાથ રાખી એકબીજાને હૂંફ આપતી બેસી રહે છે. શું વીતવાનું છે એ કોઈ જાણી શકતું નથી.

નાની ઉંમરે માતાની છત્રછાયા ગુમાવી પિતાને ખાતર અનન્યા મહંમદભાઈની મદદથી વિદેશ આવેલી. અનન્યા ડૉ. ભાસ્કર અને કૈરવીની નાનકડી દીકરી રિયાની સારસંભાળ રાખવાનું કાર્ય કરે છે. શનિ-રવિ ડૉ. ભાસ્કર પાસેથી તે નર્સની ટ્રેનિંગ લે છે. અનન્યાને રિયા જન્મી ત્યારથી જ તેના પર ખૂબ જ પ્રેમ હોય છે છતાં સમયે આવ્યે બધું જ બદલાઈ જાય છે. જાણે રિયાની 'નેની' નહીં પણ સગી મા હોય એટલો પ્રેમ અનન્યા આપતી હોવા છતાં પણ તેને તેનાથી મજબૂરીમાં દૂર થવું પડે છે. ડૉ. ભાસ્કર કોરોનાગ્રસ્ત પેશન્ટ પાસેથી ચારગણા પૈસા લઈ પોતે ઘરે હાજર ન રહી અનન્યા પાસે તેની સારવાર કરાવી તેને મોતના મુખમાં ધકેલે છે. શંકાશીલ ડૉ. ભાસ્કરના ધીમા સાદે ઉચ્ચારાયેલું વાક્ય, “આપણે પણ હવે વિચારવું જોઈએ.”(પૃ.૧૬) અનન્યાને ઘેરો આઘાત પહોંચાડે છે. કદાચ આજનું મોત કાલ ઉપર ઠેલાયું છે કે પછી તેની ભ્રમણા કે ડર હોય તેમ તરત જ પર્સમાં મૂકેલ મમ્મી-પપ્પાનો ફોટો કાઢીને માથે લગાવી પાછો પર્સમાં જ મૂકી દે છે. બેચેન અનન્યા ભારતમાં બપોરની ચાનો સમય છે તેમ વિચારી વૉટ્સઍપ કૉલ લગાવે છે. ઘંટડી વાગતી રહી પણ કોઈ ફોન ઉપાડતું નહોતું. છેલ્લા ત્રણ દિવસથી એ પ્રયત્ન કરે છે. પપ્પા કેમ હશે? દવા લેતા હશે? મેં મોકલેલ રકમમાંથી ફ્લેટ ખરીદ્યો હશે કે નહિ? ત્યાં કોરોનાને કારણે કેવો ભય હશે? તેને મનમાં પ્રશ્ન અનેક હતા પણ ઉત્તર એકે મળતો ન હતો. કદાચ તેની મમ્મી જીવતી હોત તો જિંદગી આટલી કઠિન ન હોત!

બીજા દિવસે અનન્યા જોબ પર પહોંચે છે ત્યારે કૈરવીનો સ્વભાવ ઘણો બદલાઈ ગયો હોય છે. પોતે તેનાથી દૂર રહેવા ઈચ્છે છે એટલું તેના વર્તન પરથી અનન્યાને સમજાઈ જાય છે. એટલામાં જ દોડી આવતી રિયા આવીને, “ગુડ મૉર્નિંગ અનન્યા આન્ટી!”(પૃ.૧૮) કહેતી ભેટી પડે છે. “આન્ટી મારી બર્થ ડે થ્રી ડેઝ પછી છે. મને બધા ખૂબ નાઇસ નાઇસ ગિફ્ટ આપશે. તમે મારા માટે શું લાવશો?”(પૃ.૧૮) ત્યારે રિયાને ખૂબ જ પ્રેમકરતી અનન્યા “માય સ્વીટ સ્વીટ બેબી, તને શું જોઈએ છે એ કહે, હું તને એ જ ગિફ્ટ આપીશ.?”(પૃ.૧૮) “યુ આર માય નાઈસ નાઇસ ડિયર આન્ટી!.”(પૃ.૧૮) કહેતી રિયા તેને ભેટી પડી. અહીં અનન્યાનો રિયા પ્રત્યેનો માતૃવાત્સલ્યનો ભાવ પ્રગટ થાય છે. જ્યારે કૈરવી “અત્યારે તું સેનેટાઇઝિંગ તેમજ ડસ્ટિંગ પતાવી દે. આજે રિયાને પણ હું જ નવડાવીને તૈયાર કરીશ. સમજી!”(પૃ.૧૯) મૅડમે 'સમજી' શબ્દ ઉપર એવો ભાર મૂક્યો હતો કે અનન્યાને સેન્ટ્રલી એસી ઘરમાં પણ પસીનો છૂટી જતાં આંખના ખૂણે ભીનાશ તરવરી આવે છે. આ બાજુ ડૉ. ભાસ્કર પણ

બેડરૂમનાં ટીવી પર યુ ટ્યુબ સમાચારનું વોલ્યુમ વધારે છે. એ ના સમજી શકે એટલી નાદાન અનન્યા નહોતી પણ અત્યારે એને વાઇરસના ડર કરતાં મોટો ડર, મોટું દુઃખ રિયાથી દૂર થવાનું હતું. સહેજ ગળું ખંખેરીને કૈરવીમેમે ભારે હૈયે કહે છે, “જો અનન્યા, તારા ઉપકારનો બદલો અમે વાળી શકીએ એમ નથી પણ સંજોગો એવા ઊભા થયા છે કે... અમારે નાછૂટકે તને જૉબમાંથી છૂટી કરવી પડે છે. તારો આ મહિનાનો પૂરો પગાર આ કવરમાં છે. આમ તો, આ મહિનામાં હજી બે દિવસ જ કામ કર્યું છે પણ રિયાને તે પ્રેમથી મોટી કરી છે. એટલે આખા મહિનાનો પગાર....”(પૃ.૨૦) એમ કહી કવર અનન્યાના હાથમાં મૂકે છે.

જ્યારે છેલ્લો પગાર હાથમાં મૂકીને પાંચ વર્ષના આત્મીય સંબંધની નાડ એક જ ઝાટકે કપાતી હોય ત્યારે બોલવું પણ શું અને રડવું પણ શું? પોતીકાઓએ તો સંબંધની નાડ કાપી જ નાખી હતી પણ નિઃસ્વાર્થભાવે પરાયાને પોતીકાં કરેલાં, એ પણ પરસેવો પાડીને, પૂરેપૂરી ખાલી થઈને એ જ જો આમ સંબંધની નાડ કાપી નાખે તો ફરિયાદ પણ ક્યાં અને કોને કરવી? આંખમાંથી પાંચ વર્ષનો અતૂટ સંબંધ બધા જ પાળા તોડીને વહી રહ્યો તેમ માંડ માંડ એ પોતાને સમજાવી શકી કે આ જ સત્ય છે, આ જ વર્તમાન પણ છે. એ ભારે હૈયે કૈરવીમેમ પાસે આવી, પગે લાગીને બોલી, "શ્વાસ રહેશે તો ક્યારેક જરૂર મળીશું. મારી રિયાને પ્રેમથી સાચવજો અને કહેજો કે વાર્તાનો અંત હજી બાકી છે. આન્ટી ભારતમાં રાહ જોશે. સંબંધ એટલા કાચા પણ નથી હોતા. હું રાહ જોઈશ, આવજો...!”(પૃ.૨૧) કહી તેણે પીઠ ફેરવી દીધી. એક નવાં સત્ય તરફ ડગ ભરવા. સત્ય આટલું કડવું પણ હોઈ શકે? મજબૂરીનું બીજું નામ તો સત્ય નહીં હોય? કૈરવીમેમ તો મજબૂર હતાં કે રિયાની જિંદગીનો પ્રશ્ન હતો પણ અનન્યા? એનું શું? કેટલી વાર છેદાવાનું? કેટલી વાર પુરવાર થવાનું? એણે માત્ર પગારનું કવર જ લીધેલું અને ઍરફેરની રકમનું કવર ત્યાં જ રહેવા દીધું હતું. કોઈની દયા ઉપર ક્યાં સુધી જીવવાનું? અનિશ્ચિતતા મોં ફાડીને સામે ઊભી છે. ઘડી પછી શું થવાનું છે એ ખબર નથી. એણે હિંમત ભેગી કરી ઍપાર્ટમેન્ટ છોડી દે છે.

આખરે તેને મહંમદભાઈ જ માદરેવતન મોકલવાની વ્યવસ્થા કરી આપશે તેમ અમેરિકાનો પહેલો દિવસ પણ એ ભૂલી ન હતી. મહંમદભાઈએ સાથ ન આપ્યો હોત તો કદાચ... ને તેની સામે એ દિવસ તાદૃશ્ય થઈ ઊઠયો. મહંમદભાઈ એટલે ‘સબ દર્દો કી એક દવા !' બિલકુલ અલ્લાહના માણસ. અનન્યાએ ન્યૂયોર્કની ધરતી પર પહેલવહેલાં કદમ મૂકેલાં ત્યારે એના કાકાની દીકરી લેવા આવવાની હતી પણ સવારની સાંજ થઈ.... મહંમદભાઈએ નયનાને કેટલીય વાર ફોન કરેલા પણ

સ્વીચ ઑફ સિવાય કશું સાંભળવા ન મળ્યું. સાંજે મહંમદભાઈએ રડતી અનન્યાને માથે હાથ મૂકી કહેલું, "હવે માત્ર અલ્લાહનો સહારો, દીકરી! મારું ઘર નજીકમાં છે. ચાલ, હું તને કાલે સવારે તારી નોકરીનાં સ્થળે મૂકી આવીશ. ઘરે મારી બીબી ફાતિમા અને દીકરી રેહાના છે. મને તારા અબ્બા માનીને ચાલ."(પૃ.૨૩) અહીં બીજા પિતા તરીકેનો પ્રેમ અનન્યાને મળ્યો છે. મહંમદભાઈ ઘરે જઈ ફાતિમાબીબી અને રેહાના સાથે ઓળખાણ કરાવે છે. અનન્યાને પિતરાઈ બહેન નયનાએ દીધેલ દગો મોડી રાત સુધી મગજમાંથી નીકળતો નથી ત્યારે મા દીકરીને સમજાવે તેમ ફાતિમાબીબીએ એવા ઘણા પ્રસંગો કહ્યાં કે જેથી તેના મનને શાંતિ થાય. "દીકરી, ન્યૂયોર્કની રફ્તાર એટલી છે કે એમાં નવા આવનાર માટે સમય નીકાળવો બહુ મુશ્કિલ છે. વર્ષોથી સેટ થયેલ ધનિકોને પોસાય, પણ બે વર્ષ પહેલાં આવેલી નયનાનું તો શું ગજું કે તને ફ્લોરિડાથી ન્યૂયોર્ક લેવા આવે. બેટી, એની પણ મજબૂરી હશે. તારી કઝિન અલ્લાહ જાણે, ક્યાં અટવાઈ હશે!"(પૃ.૨૩) અહીં ખરા અર્થમાં પોતાનાં-પારકાંની ઓળખ થાય છે.

વહેલી સવારે મહંમદભાઈએ મને ડૉ. ભાસ્કરનાં ઘરે મૂકી અને પગાર વગેરેની વાત કરી. જતાં જતાં બોલ્યા, "દીકરી, આ મારા બે નંબર છે. કાર્ડ સાચવીને રાખજે. અડધી રાતે પણ જરૂર પડે તો ફોન કરજે, હું આવી જઈશ. ટેક્સી ફરીને આ એડ્રેસ પર આવશે તો પાંચ ડૉલર થશે. એ ના હોય તો પણ ટેક્સીમાં બેસી જજે, હું ચૂકવી દઈશ તારું ભાડું."(પૃ.૨૩) જાણે બાપ દીકરીને વળાવતો હોય એમ એમણે ડૉ. ભાસ્કરને કહેલું, "ડૉક્ટર, મારે બે બેટી છે; એક રેહાના અને બીજી અનન્યા. અનન્યા તમને સોંપું છું. તેની ભૂલચૂક માફ કરજો. નવી નવી આવી છે પણ થોડા દિવસમાં અહીંની તહેઝિબ, તોરતરિકા શીખી જશે. ખુદા હાફિજ !"(પૃ.૨૪) વિદાય લીધા બાદ પાંચ વર્ષની ગતિશીલ દોડમાં માત્ર બે વાર મહંમદભાઈ સાથે ખબર-અંતર પૂછવા પૂરતી વાત થયેલી આજે મહંમદભાઈને કઈ રીતે કહીશ કે, મારે પાછું ઇન્ડિયા જવું છે? અનન્યાએ છ મહિના પહેલાં રોહનને ફોન ઉપર વાત કરેલી ત્યારે એણે "હું ભારત આવી જવા વિચારું છું."(પૃ.૨૫) ત્યારે જાણે ઘરમાં ભૂકંપ આવેલો. ભાઈએ આઠ-દસ વરસ રહીને ડૉલર કમાઈ લેવાની સલાહ આપેલી અને સાવકી માએ ફરી ફોન જોડીને, "ડૉલરમાં કેટલી તાકાત છે, તારા પપ્પાનો કેટલો ખર્ચો આવે છે અને ભારતની મોંઘવારી-બેકારી..."(પૃ.૨૫) લાંબું લેક્ચર આપીને અનન્યાને ગભરાવી મૂકેલી. એ બધાનો સાર એણે તારવેલો કે સાવકી મા અને સાવકા ભાઈનાં રાજમાં માત્ર પપ્પા જ એના છે, તે પણ સાવ લાચાર. જ્યાં સુધી ડૉલર પહોંચશે ત્યાં

સુધી પપ્પા સચવાશે ને ડૉલર બંધ થશે ત્યારે અનન્યા. અનવૉન્ટેડ બની રહેશે, સદાને માટે. એણે ફરી ફોન જોડ્યો, ફરી એ જ નિરાશા!

થોડીવારે આંખો લૂછીને પાછલે બારણેથી એ અંદરની કૅબિનમાં મહંમદભાઈ પાસે પહોંચે ત્યારે અનન્યાને જોઈને મહંમદભાઈ રાજીના રેડ થઈ ગયા, પણ એની વાત સાંભળીને નિરાશ થઈ બોલ્યા, “જો બેટા, તારી તબિયત સાથ ન દેતી હોય તો ઇન્ડિયા જતાં રહેવું સારું. પોતાનો મુલ્ક, પોતાના ઇન્સાનો વચ્ચે.”(પૃ.૨૫) અનન્યા સાવ કોરી આંખે મહંમદભાઈને જોઈ રહે છે. મહંમદભાઈ બોલતા રહ્યા, “બેટી, હવે હાલત ખૂબ ખરાબ છે. કદાચ ભારતમાં પણ એક-બે દિવસમાં લૉકડાઉન થશે એવી ખાનગી બાતમી મળી છે. ઈન્ટરનેશનલ ફ્લાઇટ પણ કદાચ બંધ થાય એવી ખબર છે પણ બેટી, તું મારી જિમ્મેદારી નહિ, મારી અમાનત છે. એટલે તને સહી સલામત ઇન્ડિયા મોકલવી એ મારો ધરમ છે.”(પૃ.૨૫) અહીં અનન્યા પ્રત્યે પોતાપણાનો ભાવ વર્તાયો છે. તેમણે જાતે જ કોમ્પ્યુટર પર બેસી, ન્યૂયોર્ક ટુ બૉમ્બે ઍરટિકિટ શોધી રાતની ‘ડેલ્ટા ઍરવેઝ'માં ટિકિટ બુક કરે છે. અનન્યા મેમે આપેલ પગારનાં કવરમાંથી ઍરફેર ચૂકવીને કહ્યું “મારી ન્યૂયોર્કની સફરમાં તમે જો મને ન મળ્યા હોત તો મારું શું થયું હોત?”(પૃ.૨૬), “બેટી, સૌ પોતાની કિસ્મતના હિસાબથી સફરમાં આગળ વધતા રહે છે. બેટી, આપણાં આટલાં જ અંજળપાણી હશે એટલે કિસ્મતથી મળ્યાં અને છૂટા પડવાનાં પણ બેટી, અલ્લાહની રહેમત થશે તો આપણે ફરી ક્યાંક ને ક્યાંક અવશ્ય મળીશું.”(પૃ.૨૬) મહંમદભાઈ સગા પિતા જેટલો જ પ્રેમ તેને આપે છે. એમના ખાનામાંથી મીઠાઈ અને નમકીનનાં બે બૉક્સ ખોલી અનન્યાને ખાવા માટે આદેશ આપી ઍરિટકિટ સાથે કવરમાં પાંચસો ડૉલર મૂકી દે છે.

સાંજ પડતાં એને ફરી ખાંસી શરૂ થાય છે ત્યારે કદાચ તેને કોરોનાની અસર હોય અને એનો ચેપ રૂપા અને ઝરીનાને લાગી જશે એ વિચારે એનાં શરીરમાં ધ્રુજારી પ્રસરી જાય છે. છેલ્લીવાર જ્યારે ત્રણેય બહેનપણીઓ મળે છે ત્યારે, “સારું છે અનન્યા, તને વેળાસર છૂટી કરી એટલે તું ઇન્ડિયા ભેગી થઈ જવાની. મારું ને ઝરીનાનું ભાવિ રામ જાણે કેવું હશે!”(પૃ.૨૭) ઇન્ડિયાનાં નામ સાથે જ અનન્યા નિઃશ્વાસ નાખે છે. તે જાણતી હતી કે જેઓ ફોન ઊંચકતા નથી એમની વચ્ચે જઈને પણ અંધારામાં કૂદવા જેવું જ છે. ‘ઈધર કુવા, ઉધર ખાઈ’ જેવું જ ભાવિ તેને પ્રતીત થાય છે. અનન્યાએ નયના માટે લાવેલી મોતીની માળા રૂપા અને ઝરીનાને આપી, “મારી યાદગીરીરૂપે તમને આપવા મારી પાસે આ માળાથી વધારે કંઈ નથી. આશા છે તમને ગમશે.”(પૃ.૨૭) ત્રણેની આંખમાં ઝળઝળિયાં આવી જતાં છેલ્લા પાંચ વર્ષથી સુખ-દુઃખમાં સાથ

આપી, મનની વાતો અને હૃદયનો બળાપો વહેંચી, એકબીજાને નિઃસ્વાર્થ પ્રેમ કરીને સીંચેલ માળામાંથી એક પંખિણી ઊડી જવાની. એનું માતમ કેવી રીતે મનાવવું એ ત્રણેમાંથી એકેને આવડતું કે સૂઝતું નથી. ડાયરી કાઢી ભારે હૈયે અનન્યા સજળ આંખે લખે છે “વ્હાલી રિયાને છોડી જવું સહેલું નથી. અમેરિકામાં હું મારો આત્મા છોડીને આવતી કાલે મારું ખાલીખમ ખોળિયું જ લઈને ભારત રવાના થઈશ. રિયા, તારી વ્હાલી આન્ટી મજબૂર છે પણ તું મોટી થઈને ભારત જરૂર આવજે, તારી આન્ટીને મળવા. હું તારી રાહ જોઈશ.”(પૃ.૨૭) સમગ્ર કથામાં અનન્યાનો રિયા પ્રત્યેનો પ્રેમ છૂટતો નથી.

અનન્યા ફરી ઇન્ડિયા ફોન જોડે છે. રોહનનો અવાજ સંભળાતાં જ ફોન કટ થાય તે પહેલાં, એકી શ્વાસે બોલી ગઈ, “જો રોહન, આજે રાત્રે પ્લેનમાં બેસું છું, ડેલ્ટા ઍરવેઝમાં ઇન્ડિયા આવું છું. તું બૉમ્બે ઍરપોર્ટ પર લેવા આવજે. ફ્લાઈટની વિગત વૉટ્સએપમાં અને ઇમેઇલમાં મોકલું છું. હું તારી રાહ જોઈશ.”(પૃ.૨૯) આટલું સાંભળી રોહન તાડૂક્યો, “પણ શું કામ આવે છે? આવ્યા પછી પાછા જવાનો ચાન્સ નહિ મળે, સમજી?”(પૃ.૨૯) કહી રોહનને જાણે પોતાની બહેનની કોઈ જરૂર જ ન હોય તેમ ફોન કટ કરી દે છે. જે નાનકડા ઓરડામાં અનન્યાએ પાંચ વર્ષ વિતાવ્યાં એના ઉંબરને પ્રણામ કરી ભારે હૈયે ત્યાંથી નીકળી, ટૅક્સી પકડીને વૉલમાર્ટ પહોંચે છે. રિયાને ખૂબ ગમતી બે ઢીંગલીઓ, રામાયણ-મહાભારતનો જે અંત બાકી હતો એ જાણવા 'રામાયણ - મહાભારત સ્ટ્રોરીઝ ફૉર ચિલ્ડ્રન' તેમજ રિયાને ભાવતી એક ચૉકલેટ કેક ખરીદી ડૉ. ભાસ્કરને ત્યાં પહોંચે છે. અનન્યાએ પોતે રાત્રે ઇન્ડિયા જઈ રહી છે એ વાત કરી ને હેલ્થ સર્ટિફિકેટ લખી આપવાં કહે છે ત્યારે ડૉ. ભાસ્કર ચોખ્ખી ના સંભળાવતાં કહ્યું, “જાલી પાસપોર્ટ પર અમેરિકામાં રહેતા માણસો જતા હોય તો અહીંની કસ્ટમ કશું પૂછતી નથી. હા, ખુશ જરૂર થાય છે.”(પૃ.૨૯) અહીં ડૉ. ભાસ્કરની સ્વાર્થી વૃતિનાં લક્ષણો છતાં થાય છે. “અનન્યા, મેં ભાસ્કરને છેલ્લા બે દિવસ ઘણા સમજાવ્યા પણ એ તારા કેસમાં બાંધછોડ કરવા સહેજે તૈયાર નથી. એણે મને ક્લિનિકમાંથી થોડા દિવસ માટે રાહત આપી છે અને તને નોકરીમાંથી કાયમી છૂટ્ટી...”(પૃ.૩૦-૩૧) જાણે ઘણાં વર્ષોનો ડૂમો કૈરવીમેમ પણ ઠાલવી રહ્યાં હોય એમ અનન્યાને લાગે છે. અનન્યાએ તરત જ વાત ફેરવતાં, “મેમ, આટલાં વરસના સંઘર્ષ પછી હું એટલું કહી શકું કે આપણે જે ધારીએ, ઇચ્છીએ એ બધું જ થતું નથી. ભાગ્ય પ્રમાણે અને કર્મ પ્રમાણે જીવનમાં ચડતી-પડતી, વસંત અને પાનખરની આવન-જાવન થતી રહે છે. આપણે બધા જ વિધાતાના હાથની કઠપૂતળીઓ

માત્ર. બાકી, ધાર્યું તો ઉપરવાળા ધણીનું જ થાય. હું હવે નીકળું છું. રિયા પણ એના રૂમમાં ગિફ્ટ જોવા ગઈ લાગે છે, તો જલદી નીકળી જાઉં નહિતર ફરી એ રડશે."(પૃ.૩૮)

આખરે અનન્યાને મજબૂરીમાં ન્યૂયોર્ક છોડવું પડે છે. તે ફ્લાઇટમાં બેસી મુંબઈ પહોંચી ભાઈની રાહ જુએ છે. તે ફરી ભાઈને ફોન જોડે છે પણ સામેથી ફોન સ્વીચ ઑફ બતાવતો હતો. એક ટૅક્સીવાળો નજીક આવી બોલ્યો, "મેડમ, દૂર જાના હૈ તો જલદી ટૅક્સી કર કે પહુઁચ જાઓ વર્ના પુલીસ ભી પરેશાન કરેગી."(પૃષ્ઠ.૩૮) અનન્યાને રોહનની રાહ જોવી વ્યર્થ લાગતાં મહારાષ્ટ્ર સરકાર માન્ય ટેક્સી લઈ સુરત તરફ રવાના થાય છે. અનન્યાના મનમાં જાતજાતના ભયાવહ વિચારો શરૂ થાય છે. શું પપ્પા સારા તો હશેને? કે પછી કમાતી મરઘી અમેરિકા છોડીને ભારત પાછી આવે એ નથી ગમ્યું? ભાવિના ગર્ભમાં શું છુપાયું છે એ અનન્યાને ખબર નથી પણ હજુ સુધી કાપેલ સફર કરતા હવે પછીની સફર અનેકગણી મુશ્કેલ છે એવું તો એ કલ્પી શકતી હતી. એનાં જેવો વર્તમાન અને ભૂતકાળ ભગવાન બીજા કોઈને ન આપે. સતત દુઃખ ઉપર દુઃખ આવતાં જોઈને, દુઃખ પછી સુખ આવે છે એ વાત માત્ર પુસ્તકો પૂરતી જ સાચી છે. અનન્યાની હાલત જોઈ ડ્રાઇવરે પણ "આપ સુરત મેં દેરી કિયે બિના પહેલે કોરોના કા ટેસ્ટ કરવા લેના."(પૃ.૪૨) અનન્યા શું બોલે? એને ટૅક્સી ડ્રાઇવર ઉમદા માણસ લાગતો હતો. તે દરેક પોલીસ ચોકીએ જાતે ઊતરીને પોલીસને સમજાવીને એણે એને સુખરૂપ સુરત પહોંચાડી દીધી.

અનન્યા સોસાયટીમાં જઈ બીજે માળે રહેતા રજનીભાઈ અને સુધાબેનનાં સમાચાર પૂછે ત્યારે વોચમેન કહે કે, "હજી મહિના પહેલાં જ એ તો ફ્લેટ ખાલી કરીને જતાં રહ્યાં છે અહીંથી."(પૃ.૪૫) આ સાંભળી અનન્યાને ખૂબ આઘાત લાગે છે. ક્યાં ગયાં હશે તેની કોઈ ભાળ પણ મળતી નથી. અનન્યાને ચક્કર જેવું આવી ગયું. આંખે - બિલકુલ અંધારાં. એણે ઝડપથી ગેટ પકડી લીધો. પોક મૂકીને રડવું હતું પણ હવે કોનાં નામનું રડવું? આંખમાંથી તોય એની લાચારી સરી પડે છે. બાજુમાં રહેતી તેની મિત્ર ઋચાને ફોન કરે છે પણ એનો શંકાશીલ પતિને લીધે ફોન કોઈએ ઉપાડ્યો નહિ. ડ્રાઇવર પૂછવા ગયો કે 'દીદી, ક્યાં સોચ રહી હો? ત્યાં તો એને ફરી આંખે અંધારાં આવી ગયાં અને છાતીમાં ભયંકર દુખાવો શરૂ થયો. 'ઓ...મારી... મા...' એવી ચીસ પાડીને એ રડવા લાગે છે. એણે ટૅક્સી સિવિલ હૉસ્પિટલ લઈ લેવા ટેક્સીવાળાને રડતાં રડતાં કહ્યું, "ભાઈ, તું વધારાના પૈસા લઈ લેજે પણ મને સિવિલ ભેગી..."(પૃ.૪૭) એનાથી વાક્ય પૂરું ન થઈ શક્યું. એને હાંફ શરૂ થઈ ગયો. "ફિકર ન કરો, દીદી. અપનકો તુમસે જિયાદા પૈસા નહિ મંગતા. ઐસે બુરે બખત મેં ઇન્સાન હી ઇન્સાન કો કામ

નહિ આયેગા તો કોન આયેગા, દીદી?"(પૃ.૪૭) જાણે પોતે એનો સગોભાઈ હોય તેમ ટેક્સી પૂરપાટ દોડાવી. સરકારી હૉસ્પિટલમાં પહોંચી એણે અનન્યાનો હાથ પકડી ઇમરજન્સી વૉર્ડમાં બેસાડી. ટેક્સીમાંથી બૅગ લાવીને અનન્યાના પગ પાસે મૂકી. અનન્યા હજૂ પર્સ ખોલીને વધારાના પૈસા આપે તે પહેલાં તો એનાથી એક ચીસ નીકળી ગઈ, આંખના ડોળા ચકળવકળ થવા લાગ્યા. એ બાંકડા ઉપર જ આડી પડી ગઈ. ડ્રાઇવર દોડીને અંદર ગયો અને વૉર્ડમાં નર્સને જાણ કરી. નર્સ દોડતી આવી ને કંઈ પૂછવા જાય ત્યાં તો 'ડૉક્ટર જલદી' એવી છેલ્લી બૂમ... જ્યારે એની આંખો ખૂલી ત્યારે કૅલેન્ડરમાં તારીખ બદલાઈ ગઈ હોય છે.

અનન્યાએ નર્સને હાથ જોડયા અને કહ્યું, "તમારો આભાર માનું એટલો ઓછો છે, સિસ્ટર! પોતીકા પણ આટલી કાળજી લેતાં નથી ત્યારે તમે તો મને..."(પૃ.૪૯) બોલતાં બોલતાં ફરી એ રડી પડે છે. હોસ્પિટલમાં સારવાર દરમિયાન અનન્યાને નર્સ ક્રિનામાનો ખૂબ જ પ્રેમ મળે છે. જ્યારે તેને ખબર પડે છે કે પોતે જેની સારવાર કરી છે તે કોરોનાના દર્દી હતા ત્યારે તેને ઘણું દુઃખ થાય છે. મોડી રાત્રે થોડી કળ વળતાં. શરીરનો દુખાવો થોડો હળવો પડે છે પણ મનની બેચેની હજી યથાવત રહે છે. જેના ઘર માટે રાતદિવસ એક કર્યા, જેની એકની એક દીકરીને શિસ્ત, સંસ્કાર, ગુજરાતી ભાષા, ધર્મ અને સંસ્કૃતિનું જ્ઞાન આપ્યું, જ્યાં પાંચ મિનિટ માટે પણ બાળકો મોબાઇલ-ટીવી છોડતા નહોતા એવાં અમેરિકન વાતાવરણમાં રિયાને હાથમાં મોબાઇલ-ટીવીના વિકલ્પમાં પુસ્તકો, વાર્તા, શ્લોકો, ભજનો, ગરબા અને અભિનયકળા ધરીને એક ઉમદા વ્યક્તિત્વ ઘડવામાં જાત નીચોવી નાખી એ જ પરિવારે મને આવો બદલો આપ્યો? તે કૈરવીમેમને ફોન કરી હજી 'હેલો' જ કર્યું ત્યાં તો સામે છેડેથી 'હેલો... હેલો.. કંઈ સંભળાતું નથી.... હેલો...' કહી ફોન સ્વીચ ઑફ કરી દે છે. ત્યારે તેને સમજાય છે કે કોઈ વ્યક્તિ કઈ રીતે પાંચ વર્ષના ગાઢ સંબંધોને આ રીતે સ્વીચ ઑફ કરી શકતા હશે!?

સતત પીડા અનુભવતી અનન્યા મોડી રાતે મેસેન્જર ખોલીને ઋચાને મૅસેજ કરી તેના પપ્પાની ભાળ કાઢવા કહે છે. દિવસે દિવસે તેની બેચેની વધી રહી હતી. શું કરવું તેની સમજ પડતી નહોતી. એ વિચારી રહી કે દિશાવિહીન અસ્તિત્વ, ચારે કોર ભયનો ઓળો, મૃત્યુનો પ્રકોપ અને લાચાર માનવી. એકલા રહેતા માણસો શું કરતા હશે? તેઓ કેવી રીતે જીવતા હશે? જ્યારે તેને ઋચા તરફથી મેસેજ મળે છે કે, "ભારે હૈયે એક ખરાબ સમાચાર આપી રહી છું. તારા પપ્પાનું મૃત્યુ તો એક વર્ષ પહેલાં જ થઈ ગયું હતું. તારો સાવકો ભાઈ રોહન શેર-સટ્ટામાં મોટી ખોટ ખાઈને રસ્તા ઉપર આવી ગયો હતો એટલે ભાડાનું ઘર ખાલી કરીને રાતોરાત સુરત છોડીને ક્યાં જતો રહ્યો એ કોઈને ખબર

નથી"(પૃ.૬૯) પૂરેપૂરું વાંચતા તો એ અંદરથી ધ્રૂજી ઊઠી. મોબાઈલ હાથમાંથી સરી પડયો. જોરથી ચીસ પાડી ઊઠી, "પપ્પા.. ઓ... મારા પપ્પા!.., રોહન, હું તને ક્યારેય માફ નહીં કરું. મારા પપ્પાને અને મને તેં છેતર્યાં છે. તેં મને જતી વેળા વચન આપેલું કે હું મારા સગા પપ્પાની જેમ સાચવીસ"(પૃ.૬૯) નવલકથા અંત સુધી તેને માત્ર દુઃખ જ મળ્યા કરે છે. આટલાં દુઃખો પછી પણ તેને કુદરતે જીવાડી છે તો એનો કોઈ હેતુ જરૂર હશે. અંતે તે સંકલ્પ કરે હું જીવીશ... ઈશ્વરનો હેતુ સિદ્ધ કરવા માટે પણ હું જીવીશ... એની નજર સામેનાં નોટિસ બૉર્ડ પર પડતાં એમાં મોટા અક્ષરે લખેલું હતું-"કોરોના વૉર્ડમાં કામ કરે એવાં વૉર્ડબોય તેમજ નર્સની તાત્કાલિક જરૂર છે' અને એની નીચે લખ્યું હતું-'સેવા પરમો ધર્મ"(પૃષ્ઠ.૭૧) કથાને અંતે અનન્યા મક્કમ પગલે મનમાં શ્લોકનું રટણ કરતી આગળ વધે છે.

આમ, રવિન્દ્ર પારેખે નોંધ્યું છે તેમ; "આખી કથા રસપ્રદ રીતે કહેવાઈ છે. વાચક તેમાં ઓતપ્રોત થાય એવું ઘણું બધું 'અભિતપ્ત'માં છે. ઝરીના, રૂપા, ઋચા જેવી મિત્રોની વાતો, ડૉ. ભાસ્કરનું સ્વાર્થી વલણ, તેની સામે કૈરવી અને રિયાની તીવ્ર લાગણી, નેવાર્ક ઍરપોર્ટ પર થતી મુસાફરોની શંકાશીલ વાતો, પ્લેનમાં ખાંસીને કારણે અનુભવાતું દૂરત્વ, સુરતની હૉસ્પિટલનું કોરોનાગ્રસ્ત વાતાવરણ, નર્સ ક્રિનાનું વાત્સલ્ય, તેની સામે સાવકાં ભાઈ અને માનું ગણતરીપૂર્વકનું નિષ્ઠુર વર્તન, પિતાની ચિંતા ને તેમનો અંત...વગેરે બાબતો એવી છે જે સામાન્ય વાચકને ગમશે, પણ જેમને ઝીણું કાંતવાની ટેવ છે એવા વાચકોને કેટલીક વાતો ગળે ન ઊતરે એમ બને. જેમકે, મહંમદભાઈનું પિતૃવાત્સલ્ય, ક્રિનાનું જાગી ઊઠતું માતૃવાત્સલ્ય, ડ્રાઇવરનો પ્રગટતો ભ્રાતૃભાવ વગેરે...! આમાં પ્રાત્રો પોતે ન વર્તતાં લેખિકાના દોરવાયા કોઈ આદર્શો સિદ્ધ કરવા મથતાં હોય એવું વધારે લાગે છે. કોઈ પણ પાત્ર જરા પણ વિરોધ વગર આજ્ઞાંકિતની જેમ મદદ માટે ઉતાવળાં થાય તે કોઈકને સ્વીકાર્ય ન લાગે એ શક્ય છે. હૉસ્પિટલમાં પ્રગટતી ધાર્મિકતા કે છ વર્ષની રિયાને 'કૃષ્ણલીલા' નાટક માટે તૈયાર કરવાની અનિવાર્યતા કે પોતાને માટે નહીં પણ રિયા માટે જ લખાઈ હોય એવી ડાયરી : જેવી બાબતો અસહજ લાગવા સંભવ છે પણ એક વાત સ્પષ્ટ છે કે કોરોના જેવા વિષયને અમેરિકી વાતાવરણથી શરૂ કરીને સુરતના વાતાવરણમાં વિસ્તારવાનું સાહસ હતું ને તે લેખિકાએ પાર પાડયું છે તે નોંધવું ઘટે."(પૃ.૬)

- **સંદર્ભ:**

Samvid Multidisciplinary Research Journ
Where researchers meet their destiny...
ISSN 2582-015X

વશી, પ્રજ્ઞા. *અભિતપ્ત* સાહિત્ય સંગમ, સુરત. પ્રથમ આવૃત્તિ, ૨૦૨૦.